# Regular Civil Suit No. 15/2025

આંક. _____

## મુદ્દા

(૧) શું વાદી પુરવાર કરે છે કે મોજે ગામ કોટડા (દિ), તા. દિયોદર, જી. બનાસકાંઠા ની સીમમાં આવેલ ખાતા નંબર ૯૧૩ જેનો જુનો સરવે નંબર ૨૧૬/પી-૧, નવો સરવે નંબર ૩૭૭/પી-૨, હે. ૦-૫૫-૧૫ ચો.મી. વાળી ખેતીની જમીન પ્રતિવાદીઓએ વાદીને રૂપીયા ૬,૦૦,૦૦૦/- (અંકે રૂપીયા છ લાખ પુરા) માં વેચાણ આપવાનું નકકી કરેલ ?

(૨) શું વાદી પુરવાર કરે છે કે પ્રતિવાદીઓએ વાદી પાસેથી રૂપીયા ૨,૫૦,૦૦૦/- (અંકે રૂપીયા બે લાખ પચાસ હજાર પુરા) રોકડા સ્વીકારી તારીખ ૦૬.૦૬.૨૦૨૩ ના રોજ વાદીની તરફેણમાં દાવાવાળી જમીનનો કબજા વગરનો વેચાણ બાનાખત નંબર ૧૪૨૭/૨૦૨૩ સબ રજીસ્ટ્રાર કચેરી, દિયોદર ખાતે સાક્ષીઓની હાજરીમાં નોંધણી કરાવીને વેચાણ બાનાખત રજીસ્ટર્ડ કરી આપેલ ?

(૩) શું વાદી પુરવાર કરે છે કે રજીસ્ટર્ડ વેચાણ બાનાખતની શરત મુજબ વેચાણ બાનાખતના બાકીના રૂપીયા ૩,૫૦,૦૦૦/- (અંકે રૂપીયા ત્રણ લાખ પચાસ હજાર પુરા) વેચાણ દસ્તાવેજ કરતી વખતે આપવાના હોઇ વાદીએ મૌખીક તથા લેખીત નોટીસ આપેલ હોવા છતાં પ્રતિવાદીઓ વાદી પાસેથી સદર દાવાવાળી જમીનના વેચાણ અવેજની બાકીની રકમ સ્વીકારી દાવાવાળી જમીનનો પાકો વેચાણ દસ્તાવેજ કરી આપેલ નથી ?

(૪) શું વાદી પુરવાર કરે છે કે પ્રતિવાદીઓ દાવાવાળી જમીનનો વાદીને વેચાણ દસ્તાવેજ કરી આપવો ન પડે તેવા ઇરાદાથી એકબીજાના મેળાપીપણામાં સદર દાવાવાળી જમીન અન્ય કોઇને વેચાણ કરવાની તજવીજ કરી રહેલ છે ?

(૫) શું પ્રતિવાદીઓ પુરવાર કરે છે કે વાદીએ મનઘડત હકીકતો ઉપજાવી કાઢી ખોટી હકીકતો જણાવી હાલનો ખોટો દાવો કરેલ છે ?

(૬) શું વાદી દાવા અરજીમાં માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર છે ?

(૭) શું હુકમ અને હુકમનામું ?

તારીખ. ૦૪/૧૧/૨૦૨૫

( રાજેન્દ્ર ઘનશ્યામભાઇ બારોટ )
પ્રિન્સીપાલ સિનીયર સીવીલ જજ
દિયોદર, જી. બનાસકાંઠા
Judge Code : GJ00572